જિલ્લાના ૬ નાયબ ચીટનીસને તાલુકા વિકાસ અધિકારી તરીકે બઢતી

ગાંધીનગર સમાચાર

# સચિવાલયમાં કર્મચારીઓએ નવા પગારની ગણતરીઓ માંડી

## સાતમા પગાર પંચની ભલામણોનો કેન્દ્ર સરકારે સ્વીકાર કરતાં રાજ્યના કર્મચારીઓ ખુશ ખુશાલ બન્યા

ગાંધીનગર, તા. ૩૦

કેન્દ્ર સરકારે સાતમુ પગાર પંચ મંજુર કરતાં જ રાજ્ય સરકારના કર્મચારીઓ ખુશખુશાલ થઈ ગયા હતા. હજુ તો રાજ્ય સરકારે સાતમા પગાર પંચ અંગે કોઈ જાહેરાત કરી નથી તે પહેલા તો કોને કેટલો વધારો મળશે તેની ગણતરીઓ માંડવાની શરૂ થઈ ગઈ છે.

કેન્દ્ર સરકારે તેના કર્મચારીઓ માટે સાતમુ પગાર પંચ મંજુર રાખ્યુ છે. જે અંગેના સમાચાર આજે અખબારોમાં છપાતા કેન્દ્ર સરકારના કર્મચારીઓ તો ખુશખુશાલ બન્યા જ હતા પરંતુ રાજ્ય સરકારના કર્મચારીઓમાં પણ ખુશીની લહેર દોડી ગઈ હતી. આજે આખો દિવસ આ જ ચર્ચા કર્મચારીઓમાં થતી જોવા મળી હતી. વિવિધ અખબારોમાં આપેલ બોઝિક પગારના કોઠાઓની તસવીરો વોટ્સએપના વિવિધ ગૃપમાં ફરતી થઈ હતી. આ સાથે જ કયા

● અનુસંધાન પાન-૭ પર



સમસ્યા નગર - નોટીફાઈડ વિસ્તારમાંથી મહાનગર બનેલ અને હવે સ્માર્ટ સિટી તરફ દોડતા નગરને રખડતાં ઢોરની સમસ્યા ગ્રહણ બનીને ઉભી છે... શહેરના મુખ્ય માર્ગો પર રખડતા ઢોરનો પ્રશ્ન વાહન ચાલકોને એટલી હદે મુંઝવે છે કે ક્યારેક વાહન મુકીને જવાનું મન થાય... તંત્ર વાહકો વર્ષો જુની આ સમસ્યાનો નિવેડો લાવવામાં કેમ અસમર્થ નિવડે છે એ સમજાતું નથી... અથવા તો ક્યાંક ઈચ્છા શક્તિનો અભાવ લાગે છે... તો ક્યાંક મિલિભગતની ગંધ આવે છે...

# જિલ્લા પંચાયતમાં સર્વાનુમતિનો સૂર

## શિક્ષણ સમિતિ અને સામાજિક ન્યાય સમિતિના ચેરમેનને સરકાર આવાસ ફાળવે તેવી માંગણી કરાઈ : એ.સી. ફીટ કરવાના મામલે નિયમોની જોગવાઈઓ ચકાસી નિર્ણય કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં ક્ષણિક ઉત્તેજનાઓને બાદ કરતાં સર્વાનુમતેનો સમૂહ રાગ સભ્યોએ આલાપ્યો હતો. સ્માર્ટ વિલેજની પસંદગી અંગે તો તંત્રએ આપેલા પ્રત્યુત્તરને લઈ પૂરક પ્રશ્ન પણ વિપક્ષે ટાળ્યો હતો. તો શિક્ષકોની ઘટના પ્રશ્ને વડીઅદાલતના મનાઈહુકમને લઈ પણ વિપક્ષ મૌન રહ્યો હતો.

જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરના અધ્યક્ષપદે આજે મળેલ સામાન્ય સભામાં વધુ ૧૮ એ.સી. મશીન ફીટ કરવા સ્વભંડોળમાંથી ખર્ચ કરવાના મુદ્દે જિલ્લા વિકાસ અધિકારી અને પંચાયત પ્રમુખ બન્ને ચર્ચા કરી નિર્ણય લેશે તેવો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ મુદ્દે અધિકારીઓ સુવિધા ધરાવવા પાત્ર છે કે કેમ ? પદાધિકારીઓને આપી શકાય કે કેમ ? તે બધી બાબતો માટેના નિયમો ચકાસવાની જરૂરિયાતનો આગ્રહ રાખવામાં આવતાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

આજની સામાન્ય સભામાં વિસ્તાર વિકાસ માટે સભ્યોને અપાતી ગ્રાન્ટમાં વધારો કરી ૧૦ લાખ કરવાનો પ્રસ્તાવ આપ્યો ત્યારે વિપક્ષી સભ્ય જયેશ ચૌધરીએ તેમાં પણ વધારો કરવાની રજુઆત કરતાં કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકી અને ઉપપ્રમુખ ભરત પટેલે એવો ટોણો માર્યો હતો કે રેતી-કાંકરીની ગ્રાન્ટ વાપરવાની મંજૂરી લાવો એટલે વધારો કરીએ.

માર્ગોના મંજૂર થઈ આવેલા ટેન્ડરો પણ બહાલ રાખવામાં આવ્યા હતા. મનરેગાનું લેબર બજેટ અગાઉની સભાની જેમ જ કોઈપણ પ્રકારની ચર્ચા વિના પસાર કરી દેવામાં આવ્યું હતું.

● અનુસંધાન પાન-૭

# જિલ્લામાં ૧૫૬ શિક્ષકોની ઘટ

## ભાષા, ગણિત-વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનના ૧૨૦ શિક્ષકોની ઘટ છે : સૌથી વધુ ઘટ ગાંધીનગર તાલુકામાં

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં આજની તારીખે ૧૫૬ શિક્ષકોની ઘટ છે તેમ જિલ્લા પંચાતની સામાન્ય સભામાં પ્રશ્નોત્તરી દરમ્યાન જણાવવામાં આવ્યુ હતુ.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી રાઠોડના જણાવ્યા પ્રમાણે ધો. ૧ થી ૫ માં ૩૬ શિક્ષકોની, ધો. ૬ થી ૮માં ગણિત વિજ્ઞાનના ૪૪ શિક્ષકોની, ભાષાના ૩૬ શિક્ષકોની અને સામાજિક વિજ્ઞાનના શિક્ષકોની ઘટ છે.

તાલુકાવાર શિક્ષકોની ઘટ જોઈએ તો ગાંધીનગરમાં ૫૧, દહેગામમાં ૫૦, માણસામાં ૧૪ અને કલોલમાં ૪૧ શિક્ષકોની ઘટ છે. ધો. ૬ થી ૮માં ગણિત-વિજ્ઞાન, ભાષા અને સામાજિક વિજ્ઞાનના ૧૨૦ શિક્ષકોની ઘટ છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ જણાવ્યુ હતુ કે વધ-ઘટનો કેમ્પ હાલ નામદાર હાઈકોર્ટના મનાઈહૂકમને લઈ થઈ શકેલ નથી. આ બાબતે કોર્ટમાં સોગંદનામુ કરી દેવામાં આવ્યું છે અને ઝડપથી નિકાલ આવશે તેવી આશા છે.

જિલ્લામાં ૧૫૬ શિક્ષકોની ઘટને લઈ બાળકોના શિક્ષણ પર વિપરીત અસરો પડી રહી હોવાની ચર્ચા લોકજીભે છે.

# સે-૨૧ માં છ-કક્ષાના સરકારી આવાસોમાં છતમાંથી ટપકતું પાણી

## ચોમાસા દરમિયાન સેકટરોમાં લીકેજીસની સમસ્યા વધતા સેકટરવાસીઓએ હાલાકી વેઠવાનો વારો આવે છે

ગાંધીનગર તા ૩૦

શહેરના સરકારી આવાસોમાં વરસાદી છાંટણા સાથે જ લીકેજીસની સમસ્યા ઉદભવી છે. સેકટરોમાં સરકારી મકાનોની છતમાંથી પાણી ટપકતુ હાવાની અનેક ફરિયાદો રહીશોના આક્રોશનુ કારણ બની છે. સે-૨૧ના સરકારી મકાનોમાં પણ છતમાંથી પાણી ટપકતુ હોવાથી રહીશાને પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. સે -૨૧ ના છ ટાઈપના બ્લોકનં ૩૯માં આ સમસ્યાના લીધે પરિવારજનો તોબા પોકારી ગયા છે. સેકટરના અન્ય સરકારી મકાનોમાં પણ લીકેજીસને ડામવા માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરવાની અનિવાર્યતા છે.

**સર્વેના અંતે પણ ચોમાસા દરમિયાન પાણી ટપકવાની સમસ્યાનુ નિરાકરણ આવ્યુ નથી**

શહેરના સરકારી આવાસોમાં અનેકવિધ દુવિધાઓના લીધે રહીશોએ ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.સરકારી આવાસોની છત સલામત ન હાવાનુ સ્પષ્ટ થયુ છે. અનેકવાર આવાસોની છતમાંથી મોટામસ પોપડા ખરતા હોવાથી રહીશોને ઈજા થવા પામી હોવાની ઘટના પણ પ્રકાશમાં આવી છે. ત્યારે ચોમાસા દરમિયાન શહેરના સરકારી આવાસોમાં લીકેજીસની સમસ્યા શિરદર્દ સમાન બને છે. સોકટરોમાં મકાનોની છતમાંથી ટપકતા પાણીના લીધે વસાહતીઓ માટે રહેવુ મુશ્કેલ થાય તેવી સ્થિતિ સર્જાય છે. સે-૨૧ માં સ્થિત બ્લોક નં ૩૯/૮ માં છેલ્લા કેટલાક સમયથી રસોડાની છતમાંથી પાણી ટપકતા પરિવારજનો ત્રાહીમામ પોકારી ગયા છે. આ મામલે સ્થાનિક ઈન્કવાયરી કચેરી દ્વારા પણ કોઈ પગલા ન લેવાતા રહીશોમાં આક્રોશ પ્રવર્તયો છે. ચોમાસા દરમિયાન સેકટરોમાં લીકેજીસની સમસ્યા વધતા સેકટરવાસીઓએ હાલાકી વેઠવાનો વારો આવે છે.ત્યારે ચોમાસા પુર્વે કરવામાં આવતા સર્વેની કામગીરી પણ પોકળ પુરવાર થાય છે.

# જિલ્લાના ૬ નાયબ ચીટનીસને તાલુકા વિકાસ અધિકારી તરીકે બઢતી

## કલોલમાં પી.એન. પટેલ તાલુકા વિકાસ અધિકારી તરીકે નિયુક્ત થયા, જિલ્લાના ત્રણ તાલુકા હજુ ચાર્જથી ચાલશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં નાયબ ચીટનીસ તરીકે ફરજ બજાવતા ૬ કર્મચારીઓને તાલુકા વિકાસ અધિકારી સંવર્ગમાં નિમણુંક આપવામાં આવી છે. આજે ૪૧ તાલુકા વિકાસ અધિકારીઓને બઢતી આપતા હુકમો રાજ્ય સરકારે કર્યા છે.

આજે કરાયેલા હુકમમાં ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાની તાલુકા વિકાસ અધિકારીમાંથી માત્ર ૧ જ નિયમિત તાલુકા વિકાસ અધિકારીની નિમણુંક કરાઈ છે. કલોલ તાલુકા વિકાસ અધિકારી તરીકે પી.એન. પટેલની નિયુક્તી કરવામાં આવી છે.

ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી (ઈન્ચાર્જ) તરીકે ફરજો બજાવતા સોની વયમર્યાદાને લઈ નિવૃત્ત થયા છે અને તેમના પણ ચાર્જમાં રહેલા ડી. સોલંકીને પાટડી તાલુકા વિકાસ અધિકારી તરીકે નિમણુંક આપવામાં આવી છે.

જિલ્લાના છ નાયબ ચીટનીસોને બઢતી અપાઈ છે તેમાં વી.આર. બારોટને તાલુકા વિકાસ અધિકારી હિંમતનગર તરીકે, પી.એમ. પરમારને રાજકોટ તાલુકા વિકાસ અધિકારી તરીકે, પ્રફુલ્લ બ્રહ્મભટ્ટને તાલુકા વિકાસ અધિકારી તારાપુર તરીકે, શ્રીમતિ એલ.એન. ઠક્કરને તાલુકા વિકાસ અધિકારી મહુધા તરીકે ડી.એમ. સોલંકીને તાલુકા વિકાસ અધિકારી પાટડી તરીકે નિમણુંક અપાઈ છે. કલોલ તાલુકા વિકાસ અધિકારી તરીકે નિયુક્ત થયેલ પી.એન. પટેલ મહેસાણા જિલ્લા પંચાયતમાં નાયબ ચીટનીસ તરીકે ફરજો બજાવતા હતા.



મીની મીના બજાર - શહેરના ઘ-માર્ગની ફુટપાથ પર રેડીમેડ કપડાનું વેચાણ ધમધોકાર ચાલે છે... એક તરફ દબાણ હટાવવા તંત્ર કમર કસી રહ્યું છે ત્યારે બીજી તરફ નવા પ્રકારના દબાણો ઉભા થઈ ગયા છે... જાહેર માર્ગો પર વસ્તુઓના વેચાણની પરંપરા શહેરના રાહદારીઓ અને વાહનચાલકો માટે સમસ્યારૂપ છે... નાના વેપારીઓ કે પાથરણાવાળાનો વિરોધ ન હોઈ શકે પણ વસ્તુઓ ખરીદવા ઉભા રહેતા ગ્રાહકોના વાહનો સમગ્ર ફુટપાથ અને મુખ્ય માર્ગને અવરોધક બને છે...

# ગાંધીનગર બરોડા રૂટમાં ટ્રાફિકને ધ્યાને લઈ વધારાની બે બસો દોડવાશે

## બરોડા રૂટમાં મુસાફરોની સંખ્યા વધુ રહેતી હોવાથી લાંબા સમયથી બસના રૂટ વધારવા માંગ ઉઠવા પામી છે

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર બરોડા રૂટમાં ટ્રાફિક વધુ રહેતો હોવાથી લાંબા સમયથી આ રૂટમાં બસ સેવા અસરકારક બનાવવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. હાલ બરોડા રૂટમાં ગાંધીનગરથી બે બસ જાય છે. જયારે સવારે અને સાંજના સમયે મુસાફરો બસ સેવાથી વંચિત ન રહે તે માટે બે વધારાની બસ શરૂ કરવા માટે વિચારણા હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગરથી અમદાવાદ અપડાઉન કરનારાઓની સંખ્યા વિશેષ છે. જયારે અમદાવાદ સહીત હવે બરોડા સહીતના શહેરોમાં પણ રોજબરોજ જતા મુસાફરોની સંખ્યા વધી રહી છે. જયારે આ રૂટમાં ઝડપથી શટલિયા સર્વિસ સહીત અન્ય ખાનગી વાહનો પણ ઉપલબ્ધ થતા નથી.જેના પરિણામે મોટાભાગના બરોડા રૂટના મુસાફરોએ સલામત સવારી પર જ આધાર રાખવો પડે છે. હાલ ગાંધીનગર થી બરોડા વચ્ચે રોજ બે બસો દોડે છે. જયારે આ રૂટમાં વધતા ટ્રાફિકને ધ્યાને લઈ ઘણાં સમયથી નવી બસ સેવા શરૂ કરવા માટે પણ ડેપો તંત્રને રજુઆત કરવામાં આવી રહી છે. ત્યારે ડેપો તંત્ર દ્વારા પણ આ રૂટમાં નવી બસ સેવા શરૂ કરવા માટે વિચારણા હાથ ધરવામાં આવી છે. બરોડા રૂટની ડિમાન્ડને અનુલક્ષી તંત્ર દ્વારા વધારાની બે બસો દોડાવા માટે ટુંકમાં જ આયોજન કરવામાં આવશે. જેમાં સવારે ૮ કલાકે તેમજ સાંજે ૫ કલાકે આ રૂટમાં વધુ બસો દોડાવા માટે વિચારણા હાથ ધરવામાં આવી છે. ડેપોને આગામી દિવસોમાં નવી બસો ફાળવવામાં આવે તેવી પણ શક્યતા છે. ત્યારે નવી બસો પૈકી બે બરોડા રૂટ માટે બે બસ ફાળવવામાં આવે તેવી પણ સંભાવના છે.

# એસ ટી ડેપામાં ૧૭ કર્મચારીઓ નિવૃત ડ્રાઈવર કંડકટરની ઘટ વધી

## ઘટ નિવારવા ભરતી પ્રક્રીયા હાથ ધરાશે

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર એસ ટી ડેપોના આજે ૧૭ કર્મચારીઓ આજે નિવૃત થયા હતા. જેમાં ૬ ડ્રાઈવર અને ૭ કંડકટરો વય નિવૃત થતા ડેપોમાં ડ્રાઈવર કંટકટરની ઘટની સંખ્યા વધી છે. ડેપોમાં ૨૬ ડ્રાઈવર કંડકટરની ઘટ છે. ડેપોમાં પુરતો મેન પાવર ન હોવાના લીધે એસ ટી બસસેવા પર વિપરિત અસર થઈ છે. અગાઉ પણ આ ઘટ નિવારવા માટે ત્વરિત ભરતી કરવા પ્રબળ માંગ ઉઠવા પામી હતી. જયારે નિવૃતિના અંતે ઘટ વધતા ટુંકમાં જ

● અનુસંધાન પાન-૭ પર

# રાજભવનમાં પર્યાવરણને બચાવો પર કાર્યશાળા

અમદાવાદ, તા.૩૦

ચકલી પક્ષી અને પર્યાવરણને બચાવો એ વિષય પર રાજભવનમાં દશ્ય શ્રાવ્ય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના રાજયપાલ ઓ પી કોહલીએ જણાવ્યું હતું કે, જળવાયુ પરિવર્તનના પરિણામે પર્યાવરણ પર પ્રભાવક અસર થઈ છે અને નાના નાના પશુ પંખીઓ તથા જીવજંતુઓ જે આપણી સૃષ્ટિનું અભિન્ન અંગે છે, તેમની સંખ્યા દિન પ્રતિદિન ઘટી રહી છે. ઘરોમાં માળા બાંધી વાસ કરતી ચલકીઓની સંખ્યા ઝડપથી ઘટી રહી છે, તે ચિંતાજનક બાબત છે. શહેરોમાં તો આ પક્ષી બિલકુલ દેખાતા નથી. તેમના નામશેષ થતા અટકાવવા માટે લોક જાગૃતિની ખુબ જ જરૂરિયાત છે. ચિડીયાના સંરક્ષણ અને સંવર્ધન માટે દરેક વ્યક્તિને જન જાગૃતિમાં જોડાવું જોઈએ.

## પ્રાર્થના સભા / બેસણું



અમારા માતૃશ્રી **હરવિદ્યાબેન વિનાયકપ્રસાદ બુચ** તારીખ ૨૯/૬/૨૦૧૬ના રોજ અવસાન પામેલ છે. **સદ્ગતની પ્રાર્થનાસભા તારીખ ૨/૭/૨૦૧૬ શનિવારના રોજ સાંજે ૫ થી ૬-૩૦ કલાક દરમિયાન** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : સ્વામિ સચ્ચિદાનંદજી બ્રહ્મભવન, સોમનાથ મંદિરની બાજુમાં, વિદ્યા લાયબ્રેરીની પાછળ, સેક્ટર નં. ૧૬, ગાંધીનગર

લી.

**કાર્તિકેય વિ. બુચ (ટોરેન્ટ પાવર લિમિટેડ)**

**પીયૂષ વિ. બુચ (એ.જી.સી. નેટવર્ક્સ લિમીટેડ)**

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com